# પ્રાંતિજના ગેડ પાસે તમાકુ વેચાણના બહાને બોલાવી ચાર લાખની લૂંટ

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના ગેડ પાસે તમાકુ વેચાવાની હોવાનું કહી બોલાવવામાં આવેલ ખીજલપુર ઠાસરાના ઈસમોને માર મારી ગાડી સહિત રોકડ રકમ સહિતનો કુલ- ૪,૧૬,૮૦૦ નો મુદ્દામાલની લૂંટ કરી દેતાં પાંચ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ.

આરોપીઓએ અશોકભાઈને તમાકુ વેંચવાની હોવાનું કહી બોલાવતા ફરીયાદીની ગાડી લઈ આવેલ આરોપીઓએ ફરીયાદી ધમેન્દ્રસિંહ તથા ભરતભાઈને તમાકુ બતાવવાના બહાને ગેડ ગામની સીમમાં નદીની કોતરોમાં લઈ જઈ અમો ડોક્ટરના માણસો છીએ અને ડોક્ટરે તમારી પાસેથી પાંચ લાખ લેવાનું કહેલ છે. ફટાફટ પૈસા આપીદો નહી તો જીવતા નહી છોડીએ તેમ કહી ધમકીઓ આપી અશોકભાઈને ગડદા પાટુ મારી તેમજ ભરતભાઈને ગાલે લાફો મારી ભયમાં મુકતા ફરી પણ નાસવા લાગતાં ફરીની ઈકો કાર- જીજે.૦૭.ડીએ. ૨૩૭૭ની જેની કિંમત ૪,૦૦૦૦૦ તથા મોબાઈલ જેની કિંમત- ૫૦૦૦ તથા ગાડીના કાગળો તથા રોકડ રકમ ૧૧,૩૦૦ તથા ગાડીમાં રહેલ સાત ચેકો મોબાઈલ મલી કુલ- ૪,૧૬,૮૦૦ની મતાની બળજબરીથી પડાવી લઈ જઈ એક બીજાની મદતગીરી કરતા પ્રાંતિજ પોલીસમાં ફરીયાદી ધમેન્દ્રસીંહ પરમાર રહે. ખીજલપુર. તા. ઠાસરા જિ. ખેડા દ્વારા પાંચ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતા પોલીસે ધર્મેન્દ્રસીંહ, યશપાલસીંહ નામના માણસો રહે. સંધપુર, તા. વિજાપુર તથા અન્ય ત્રણ વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



**ખેડબ્રહ્મામાં મોકપોલ કરવામાં આવ્યું**

ખેડબ્રહ્મામાં વિધાનસભાની ચૂંટણી અનુસંધાને સોમવારે શેઠ કે ટી હાઈસ્કૂલમાં મોક પોલ કરવામાં આવ્યું હતું. જેમાં ખેડબ્રહ્મા વિધાનસભામાં ઉપયોગમાં લેવામાં આવનાર ૪૦૯ ઈવીએમ મશીનમાંથી રાજકીય પક્ષો દ્વારા પસંદ કરેલા ૨૦ ઈવીએમ મશીનમાં વોટિંગ કરવામાં આવ્યું હતું. આ મોકપોલમાં પ્રાંત અધિકારી કે. એસ. મોદી, મામલતદાર જી. ડી. ગમાર, ના.મામ. નરેશ ડોડીયા તથા ચૂંટણી સ્ટાફ સાથે રાજકીય પક્ષના આગેવાનો હાજર રહ્યા હતા.

# ચૂંટણી ખર્ચના હિસાબો રજુ ન કરતા બે અપક્ષોને નોટીસ

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠાની ચાર બેઠકો પર ચૂંટણી લડી રહેલા ૪૯ ઉમેદવારો પૈકી બે અપક્ષોએ ચૂંટણી પંચની માર્ગદર્શીકા મુજબ તેમણે નિયત સમય મર્યાદામાં ચૂંટણી ખર્ચના હિસાબો સક્ષમ અધિકારી સમક્ષ રજુ ન કરીને નિયમનો ભંગ કરતા આ બંને અપક્ષોને બુધવારે નોટીસ પાઠવવામાં આવી છે અને સત્વરે હિસાબ રજુ કરવા તાકિદ કરાઈ છે.

આ અંગે ચૂંટણી શાખાના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠાની હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા અને પ્રાંતિજ બેઠક પર મળી ૪૯ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે ત્યારે ખેડબ્રહ્મા વિધાનસભા બેઠકના અપક્ષ ઉમેદવાર અરવિંદભાઈ કાનજીભાઈ અસારી અને ભીમજીભાઈ નરવાજી નિનામાએ ચૂંટણીમાં પ્રચાર, પ્રવાસ સહિત અન્ય હેતુસર કરેલા ખર્ચના હિસાબ નિયત સમય મર્યાદામાં રજુ કર્યા નથી. જેથી ખેડબ્રહ્મા બેઠકની જવાબદારી સંભાળી રહેલા સક્ષમ અધિકારીએ બુધવારે તેમને નોટીસ પાઠવી છે અને તાકીદે આ બંને અપક્ષોને હિસાબો રજુ કરવા જણાવાયુ છે. ઉલ્લેખનીય છે કે ચૂંટણી પંચે ઉમેદવારો માટે જાહેર કરેલી માર્ગદર્શીકામાં ચાર તબક્કામાં હિસાબ રજુ કરવા જણાવ્યુ છે ત્યારે અત્યાર સુધીમાં હિસાબ રજુ કરવાની એક મુદત પુરી થઈ છે. જ્યારે બીજી મુદત તા. ૭ ડિસેમ્બર ૨૦૧૭ છે.

# તાજપુર કૂઈ પાસે અજાણ્યા વાહનની ટક્કરથી આધેડનું મોત

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના તાજપુર કૂઈ પાસે રાત્રીના સમયે અજાણ્યા વાહનની ટક્કરથી ૪૫ વર્ષના ધનસુરાના બોરવાઈના ઈસમનુ ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના નેશનલ હાઈવે આઠ તાજપુરકૂઈ ખાતે રાત્રીના સમયે કોઈ અજાણ્યા વાહનચાલકે તેનુ વાહન બેદરકારી અને ફુલફાસ્ટ ગફલત રીતે હંકારી લાવીને રોડ ક્રોસ કરતા મગનજી મોહનજી પરમાર ઉ.વર્ષ-૪૫ રહે. બોરવાઈ તા. ધનસુરા, જિ.અરવલ્લી વાળાને ટક્કર મારી અડફટે લેતા જેવોને માથાના ભાગે તથા કમ્મરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેવોનુ ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું તો અકસ્માત સર્જી મોત નિપજાવી અજાણ્યો વાહન ચાલક ભાગી ગયો હતો. પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદી સરદારજી પ્રતાપજી પરમાર રહે. બોરવાઈ દ્વારા ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલીસે અજાણ્યાં વાહનચાલક વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# શામળાજી પોલીસે વેણપુર ગામ પાસે ૭.૬૮ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

શામળાજી, તા. ૬

અરવલ્લી જિલ્લાની આંતરરાજ્ય સરહદનો ગુજરાત રાજ્યમાં વિદેશી દારૂ ઠાલવવા બુટલેગરો દ્વારા વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવતો હોવાનું અનેકવાર સાબિત થઈ ચૂક્યું છે. ત્યારે વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષી બુટલેગરો દ્વારા ગુજરાત રાજ્યમાં વિદેશી દારૂ ઠાલવવા અધીરા બન્યા છે.

અરવલ્લી જિલ્લા પોલીસતંત્ર દ્વારા સાબરકાંઠા જિલ્લા પોલીસતંત્ર અને રાજસ્થાન પોલીસ સાથે સંકલન કરી વિદેશી દારૂ સહીત નશાકારક પદાર્થો ગુજરાતમાં પ્રવેશતા અટકાવવા સઘન પેટ્રોલિંગ અને વાહનોનું ચેકીંગ હાથ ધરી મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઝડપવામાં સફળતા મળી છે. શામળાજી પોલીસે મંગળવારે રાત્રીના સુમારે વેણપુર ગામ નજીકથી ડાંગર ભરેલા ભૂંસાની થેલાની આડમાં સંતાડી ઘુસાડાતો વિદેશી દારૂનો ૭.૬૮ લાખનો જથ્થો ઝડપી પડ્યો હતો. અપેક્ષા અનુસાર ટ્રક ચાલક ભાગી છૂટવામાં સફળ રહેતા શામળાજી પોલીસે ફરાર ટ્રક ચાલકને ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શામળાજી પોલીસે મંગળવારે રાત્રીના ૧૧ વાગ્યાના સુમારે રતનપુર ચેકપોસ્ટ નજીક વેણપુર ગામની સીમમાં રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા રાજસ્થાન બાજુથી આવતી ટ્રક (ગાડી.નં-એચઆર.૬૩-એ.૩૭૫૪)માં તલાશી હાથ ધરાતા ડાંગરના ભૂંસાની કોથળીઓની



આડમાં સંતાડેલો ગેરકાયદેસર વગર પાસ પરમીટનો વિદેશીદારૂ પેટી નંગ-૧૨૮ કુલ બોટલ નંગ- ૩૩૦૦ કીં.રૂ.૭૬૮૦૦૦ તથા ટ્રકની કિંમત રૂ.૧૦૦૦૦૦૦ મળી કુલ રૂ.૧૭૬૮૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર ટ્રક ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



**માથાસુલિયા પ્રાથમિક શાળામાં ડો. બાબાસાહેબ આંબેડકરને શ્રદ્ધાંજલિ કાર્યક્રમ**

માથાસુલિયા પ્રા. શાળા તા. મોડાસામાં આજરોજ તા. ૬-૧૨-૧૭ના રોજ બાબા સાહેબ આંબેડકરના ૬૧મા મહાપરિનિર્વાણ દિવસે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં શાળાના મુ.શિ. તથા સ્ટાફ મિત્રો અને સીઆરસી કો.ઓ. મનિષાબેનની હાજરીમાં શાળાના સા.વિ.ના શિક્ષક રણજીતકુમાર વણકર દ્વારા બાળકોને બે મિનિટ મૌન પળાવી ભારતના બંધારણના ઘડવૈયા બાબાસાહેબ આંબેડકરને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

# સોશિયલ મીડિયા પર પ્રચારખર્ચનો કોઈ હિસાબ નથી : ખર્ચ ઓબ્ઝર્વર મૂક પ્રેક્ષક

## અરવલ્લી જિલ્લા વિધાનસભાની 3 બેઠકો પર એફબી અને વોટ્સએપ પર ભરપૂર પ્રચાર : વહીવટી તંત્ર અને ખર્ચ ઓબ્ઝર્વર મૂંઝવણની સ્થિતિમાં

અરવલ્લી, તા. ૬

વિધાનસભાની ચૂંટણીને લઈને અરવલ્લી જિલ્લામાં ભાજપ-કોંગ્રેસ સહીત અપક્ષ તરીકે ચૂંટણી જંગમાં જંપલાવનાર ઉમેદવારો દ્વારા પ્રચારનો ધમધમાટ શરૂ કરી દીધો છે. જોકે પ્રચારને જોઈએ તેવો વેગ મળતો નથી પરંતુ ફેસબુક વોટ્સએપ જેવા સોશયલ મીડિયાના માધ્યમોમાં ભાજપ-કોંગ્રેસ કાર્યકરોએ પ્રચાર-પ્રસારને વેગ આપ્યો છે અને જિલ્લામાં ભાજપ પક્ષ દ્વારા સોશયલ મીડિયામાં ભરપૂર પ્રચાર માટે કોમ્પ્યુટરવોર રૂમ બનાવી કોંગ્રેસને મ્હાત આપવા કમર કસી છે. બીજી બાજુ સોશયલ મીડિયા પર થતા પ્રચારના ખર્ચના હિસાબ અંગે ખુદ વહીવટીતંત્ર કે ખર્ચ ઓબ્ઝર્વર મૂંઝવણની સ્થિતિમાં મુકાયા હોવાનો ઘાટ સર્જાયો છે.

આધાભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર ૧૪ ડિસેમ્બરના રોજ બીજા તબક્કાની ચૂંટણીપ્રક્રિયાને આડે ગણતરીના દિવસો બાકી છે. અરવલ્લી જિલ્લામાં આવેલી ત્રણ વિધાનસભા બેઠકોમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર છે. ભિલોડામાં ત્રિ-પાંખીય જંગ ખેલાય તેવા એંધાણ જોવાઈ રહ્યા છે. બંને પક્ષો દ્વારા ઠેર ઠરે કાર્યાલયો શરુ કરી ડોર ટુ ડોર પ્રચાર, વાહનો પર બેનરો, હોર્ડિંગ્સ, ડીજે અને સંગીત સાથે અનોખું પ્રચાર અભિયાન હાથ ધર્યુ છે. પરંતુ કાર્યકરો સિવાય સામાન્ય પ્રજામાં ચૂંટણી પર્વનો ઉત્સાહ જાણતો નથી. બીજીબાજુ સોશિયલ મીડિયામાં ફેસબુક, વોટ્સએપ, ટ્વીટર, ઈન્સ્ટાગ્રામ ઉપર પ્રચાર-પ્રસાર અને આક્ષેપો-પ્રતિ આક્ષેપોનો મારો ચાલ્યો છે. રાષ્ટ્રીય અને નેતાઓની ભાષણોની વિડિઓ, ઓડિયો કલીપ અને ડિજિટલ બેનરો ફરતા કરી છેવાડાના મતદાર સુધી મોબાઈલના ઈન્ટરનેટ નેટવર્ક મારફતે પહોંચવાનો પ્રયત્ન કર્યો છે. લાખો લોકો મોબાઈલના નેટવર્કથી જોડાયેલા હોઈ પ્રચારને બંને પક્ષના આઈટી સેલના દ્વારા વિવિધ મુદ્દે મતદારોને આકર્ષવા નુસખા અપનાવી રહ્યા છે. ત્યારે આશ્ચર્યની બાબત એ છે કે ચૂંટણી પંચ દ્વારા આદર્શ આચારસંહિતા અમલી બનાવી ૫૦ હજારથી વધુની રોકડ સહિતની વધુની હેરફેર પર પ્રતિબંધ મૂકી વેપારીઓ અને ધંધા રોજગાર ધરાવતા લોકો માટે કનગડત રૂપ બની રહી છે. ત્યારે સોશયલ મીડિયા પર ૨૪ કલાક થતા પ્રચારના ખર્ચ અંગે તેઓએ મૌન સેવી લીધું છે. સોશયલ મીડિયામાં થતા ભરપૂર પ્રચારના ખર્ચ અંગે સતત મોનીટરીંગ કરીને જે તે ઉમેદવાર કે પક્ષના ખાતામાં ચૂંટણી ખર્ચ ગણીને હિસાબ ઉધારવો જોઈએ તેવી કેટલાક બુદ્ધિજીવીઓ અને રાજકીય વિશ્લેશકો માં પ્રબળ માંગ ઉઠી છે.



**પ્રાંતિજ ખાતે ડૉ. બાબાસાહેબ નિર્વાણ દિવસે શ્રધ્ધાંજલિ અર્પણ કાર્યક્રમ યોજાયો**

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેશન પાસે આવેલ ડૉ.બાબા સાહેબ આંબેડકરના બાવલાને ફુલહાર પહેરાવીને નિર્વાણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. પ્રાંતિજ આંબેડકર શોપીંગ ખાતે આવેલ ડૉ.બાબાસાહેબના બાવલાને છઠ્ઠી ડિસેમ્બરના રોજ આંબેડકર નિર્વાણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં દલિત સમાજના લોકો સહિત ભાજપ-કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહીને ડૉ. બાબાસાહેબ આંબેડકરના બાવલાને ફુલહાર પહેરાવી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કોંગ્રેસના પ્રાંતિજ-તલોદના ચાલુ ધારાસભ્ય અને આ વખતના ઉમેદવાર મહેન્દ્રસિંહ બારૈયા પણ બાબાસાહેબને ફુલહાર પહેરાવીને શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી.

# ભાજપનું શાસન બેદાગ રહ્યું છે : અમિત શાહે દાવો કર્યો

અમદાવાદ, તા.૬

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે સૌરાષ્ટ્રના દ્વારકા ખાતે વિશાળ જનમેદનીને આજે સંબોધી હતી જેમાં અમિત શાહે ભારતીય જનતા પાર્ટી અને ગુજરાતની પ્રજાના સંબંધનો નાતો અભિન્ન અને અતુટ હોવાની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, ૧૯૯૫થી દરેક ચૂંટણીમાં ગુજરાતની જનતા હંમેશા ભાજપની સાથે રહી છે.

ભારતીય જનતા પક્ષનું નેતૃત્વ અને શાસન બેદાગ રહ્યું છે. શાહે કહ્યું હતું કે, ભાજપે હમેશા પારદર્શક અને પ્રમાણિક વહીવટ આપ્યો છે. એક પણ એવું કામ નથી કર્યું જેના કારણે અમારા કોઈ કાર્યકરોનું મસ્તક શરમથુ ઝુંકાવવું પડે. અમિત શાહે રાહુલ ગાંધી અને પરિવાર પર પ્રહાર કરતા કહ્યું હતું કે, તમે ૬૦ વર્ષ શાસનમાં રહ્યા છો અને સાડા ત્રણ વર્ષનો હિસાબ માંગો છો. આ હિસાબ તો ભારતની જનતાને તમારે આપવાનો હોય. સાડા ત્રણ વર્ષના ભાજપના યશસ્વી શાસનમાં અમારા પર વિરોધીઓ એક પણ ભ્રષ્ટાચાર બાબતમાં આંગણી નથી ચીંધી શક્યા. કોંગ્રેસના શાસનમાં દાયકાઓ સુધી પ્રજા વિજળીના વાંકે અંધારુ વેઠતી અને સમસ્યાઓ સહન કરતી હતી. ભાજપ સરકારે ૧૯ હજાર ગામોમાં વિજળી પહોંચાડી છે. ગુજરાતના દરિયાકાંઠે કોંગ્રેસ સમયે દાણચોરોનું શાસન હતું. નગર અને મહાનગરો ડોનના નામે ઓળખાતા હતા.

# રાષ્ટ્રીય સ્વદેશી જાગરણ મંચના ઉપાધ્યક્ષ અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાની મુલાકાતે

હિંમતનગર, તા. ૬

સમગ્ર દેશમાં સ્વદેશી ચીજવસ્તુઓના મહત્તમ ઉપયોગ અને વિદેશી ચીજવસ્તુઓના બહિષ્કાર માટે સ્વદેશી જાગરણ મંચ દ્વારા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. સ્વદેશી જાગરણ મંચના ઉપાધ્યક્ષ સતીશજી અરવલ્લી-સાબરકાંઠાના રાષ્ટ્રીય સ્વદેશી જાગરણ મંચના હોદેદારો અને કાર્યકરોની મુલાકાત હિંમતનગર ખાતે પહોંચતા મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. એક વર્ષ દરમિયાન સમગ્ર દેશ સહીત અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં સ્વદેશી જાગરણ મંચ દ્વારા ચલાવેલા સ્વદેશી અભિયાનથી બંને જિલ્લામાં સ્વદેશી ચીજવસ્તુઓના ઉપયોગમાં વધારો અને વિદેશી



ચીજવસ્તુઓમાં કેટલો ઘટાડો થયો તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સ્વદેશી જાગરણ મંચના માધ્યમથી બેરોજગાર યુવાનોને રોજગારી પુરી પાડવા માટે અભિયાન હાથ ધરવામાં આવશે તેમ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષે જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં સાબરકાંઠા જિલ્લા અધ્યક્ષ ચૈતન્ય ભટ્ટ, અરવલ્લી જિલ્લા અધ્યક્ષ નિલેશ જોશી, નીરવદન ભટ્ટ, યોગેશ જોશી, મુકુંદ પટેલ, જય અમીન, વિનોદ પટેલ, હરીશ જોશી સહીત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## સીધો સંવાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તમામ સમાજને સાથે રાખીને જ જીત મેળવી શકાય. તમામ જ્ઞાતિઓનુ સમર્થન મળશે તેવો મને વિશ્વાસ છે.

**પરંતુ રાજકીય પક્ષોએ જ્ઞાતિને ધ્યાને લઇને ટીકીટ ફાળવી છે ત્યારે શું ?**

ભાજપ અને કોંગ્રેસ બન્ને જ્ઞાતિ આધારિત સમીકરણો ધ્યાને લઈને ઉમેદવાર આખરી કરે છે. જેની સામે જનવિકલ્પ મોરચામાંથી માત્ર પક્ષની પંસદગીના આધારે જ ઉમેદવારી નોંધાવી છે. ક્ષત્રિય સમાજના પુર્વ પ્રમુખ તરીકે પણ કામ કર્યુ છે. સમાજને મારામાં વિશ્વાસ છે. કોંગ્રેસે સી જે ચાવડાને પસંદ કર્યા છે. પરંતુ અગાઉ તેમની બે વાર હાર થઈ છે. પક્ષમાં તેમના આંતરિક વિરોધના લીધે તેમને હવે બે મોરચે લડવાની ફરજ પડી છે.

**તમે ચુંટાશો તો ગાંધીનગર માટે શુ કરશો ?**

ગાંધીનગરના અસ્તિત્વ માટે જમીન ગુમાવનારા ખેડુતોને વળતર , પ્લોટ ,દુકાન , સરકારી નોકરી આપવાનો સરકારનો પરિપત્ર છે. તેના અમલ માટે ન્યાય અપાવવા લડત આપીશ. પ્લોટ વિહોંણા કર્મચારીઓને પ્લોટ મળે ફીકસ પગારના કર્મચારીઓને પુરો પગાર આપવા અને કોન્ટ્રાકટ બેઈઝ ભરતી રદ કરી કાયમી ધોરણે નિમણુક અપાય તેવા પ્રયાસો કરીશુ.

**વાઘબકરી ટી ગ્રુપને, ભારતના સૌથી પ્રતિષ્ઠિત પેકેજીંગ પુરસ્કાર, ઈન્ડિયાસ્ટાર ૨૦૧૭નું સન્માન**

નવી દિલ્હીમાં સ્થિત હોટલ ઈરોસ ખાતે યોજાયેલ એક સમારોહમાં વાઘબકરી ટી ગ્રુપને પેકેજીંગ માટે ઈન્ડિયાસ્ટાર ૨૦૧૭ રાષ્ટ્રીય પુરસ્કારનું સન્માન પ્રાપ્ત થયું. આ પુરસ્કાર ભારતની પ્રમુખ સંસ્થા ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ પેકેજીંગ (ભારત સરકારનું સાહસ) દ્વારા ઔદ્યોગિક ક્ષેત્રમાં સૌથી વધુ રચનાત્મક પેકેજીંગને એનાયત કરવામાં આવે છે. ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ પેકેજીંગ દ્વારા ૧૯૭૨માં શરૂ કરવામાં આવેલ, દર બે વર્ષે આયોજીત, ઈન્ડિયાસ્ટાર ૨૦૧૭નો હેતુ શ્રેષ્ઠ પેકેજીંગ ડિઝાઈન, તેની રચનાત્મકતા અને ઉચ્ચ ગુણવત્તાને પ્રોત્સાહન આપવાનો છે.

વાઘબકરી ૧૦૦ ટકા સર્ટીફાઈડ ઓર્ગેનિક ટી, વાઘબકરી કોનોઝીયર કલેક્શન અને સેન્ડવીચીઝ માટેના વાઘબકરી ટેકઅવેના રચનાત્મક પેકેજીંગના કારણે વાઘબકરી ટી ગ્રુપને આ સન્માન મળેલ છે.

નોંધનીય છે કે વાઘબકરી ટી ગ્રુપે, હંમેશા એકધારી ગુણવત્તા જાળવી, પ્રીમિયમ ટી માર્કેટનો બહોળો ભાગ સર કરી લીધો છે અને વાઘબકરી ટી લોંજ દ્વારા ટી લોંજને એક નવી જ ઓળખ આપી છે.

૧૦૦ ટકા સર્ટીફાઈડ ઓર્ગેનિક ટીનું પેકેજીંગ ખુબ જ અનોખુ છે. ઉપરના બોક્સનો બાહ્ય ભાગ કાપ્પા બોર્ડ અને મેટ લેમિનેશનથી તૈયાર થયેલ છે, જે તેને એક ક્લાસીક બ્રીટીશ લુક આપે છે. તેનુ બંધારણમાં પણ સચોટતા છે. અંદરના ભાગમાં ફોમ મટીરીયલ આવેલ છે, જે બોક્સની અનેરી રીબન અને ચુંબક લોક સિસ્ટમને સરળતા આપે છે. પેકને યુ.વી. ફિનિશ ટેક્સચર આપવામાં આવ્યું છે. એના પર રહેલ એમ્બોઝીંગ સાથેનું ગ્લોસ યુવી એને ખુબ જ આકર્ષક બનાવે છે. 'વાઘબકરી બ્રાન્ડ એક વિશ્વસનીય બ્રાન્ડ તરીકેની ખ્યાતિ મેળવી છે, જે નિરંતર વધતી જ રહી છે અને અમે વિશ્વભરમાં અમારા ગ્રાહકોની અપેક્ષાઓ પર ખરા ઉતરવા કટિબદ્ધ છીએ. અમારી પ્રોડક્ટની ગુણવત્તા અને તેનુ પેકેજીંગ, વૈશ્વિક સ્તરે ચાલતા ટ્રેન્ડને અનુસાર જ રાખવા હું સતત પ્રવાસ કરતો રહુ છુ.' પરાગ દેસાઈ, એક્ઝિક્યુટીવ ડિરેક્ટર, વાઘબકરી ટી ગ્રુપ. સરળતાથી ખોલ બંધ કરવા એમાં ચુંબકિય લોકિંગ સિસ્ટમ છે. કોર્પોરેટ ગિફટીંગ માટે કોનોઝીયર કલેક્શન ખુબ જ પ્રસિદ્ધ છે.' યોગેશ શીંદે. વાઘબકરી ટી લોંજમાં વિવિધતાસભર સ્વાદિષ્ટ સ્નેક્સ ઉપલબ્ધ છે. ગ્રાહકોને અમારી સેન્ડવીચીસને લઈ જવામાં સરળતા રહે તે માટે જ અમે ખાસ બોક્સ ડિઝાઈન કર્યું છે.

## એજન્ટોએ... ●

અનુસંધાન છેલ્લાનું ચાલુ

એજન્ટોનુ ફરજિયાત પોલીસ વેરીફીકેશન કરાવવા માટે આદેશ કર્યો છે. મતદાન મથકો પર રાજકીય પક્ષોના એજન્ટોએ વેરિફીકેશન કરાવી એન ઓ સી પ્રમાણપત્ર મેળવ્યુ હશે તો જ હાજરી આપી શકશે. ગુનાહીત ઈતિહાસ ધરાવતા કાર્યકરોને મતદાન મથક પર નહીં રાખવા માટે પણ રાજકીય પક્ષોને સુચના આપી દેવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં પણ ૧૩૪૨ જેટલા મતદાન મથકો છે. જયારે મતદાન મથકો પર હાજર રહેતા એજન્ટોની સંખ્યા પણ વિશેષ હોય છે. ત્યારે આ મહત્વનો નિર્ણય લેવાયો છે.

## પ્રચારનો અંત... ●

અનુસંધાન પહેલાનું ચાલુ

કચ્છના ૧૯ જિલ્લાનો સમાવેશ થાય છે.પહેલા તબકકાની ચૂંટણી માટેના જંગમાં કુલ મળીને ૯૭૭ જેટલા ઉમેદવારોનુ ભાવિ મતદારો મતદાન કરી નકકી કરશે.રાજયમાં પ્રથમ તબકકાની ૮૯ બેઠકો માટે છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલા પ્રચાર કાર્યમાં ઓખી વાવાઝોડાની સંભાવનાને લઈને એક દિવસ ખરાબ હવામાનને કારણે બંને રાજકીય પક્ષોનો ખરાબ થવા પામ્યો હતો.

શનિવારે મતદાન અગાઉ આવતીકાલે ગુરુવાર સાંજથી પ્રચારનો અંત આવશે.દરમિયાન આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી,ભાજપ અધ્યક્ષ અમિત શાહ, કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સહિત કેન્દ્રીય પ્રધાનો, નેતાઓની સભાઓ, રેલીઓ અને રોડ શો યોજવામાં આવ્યા હતા. ભાજપ તરફથી આ અગાઉ નાણાંમંત્રી અરૂણ જેટલી, સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારામન, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદીત્યનાથ, રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધા રાજે સહિતના નેતાઓ પ્રચારમાં ઉતર્યા હતા.તો કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધી ઉપરાંત જયોતિરાદિત્ય સિંધીયા, પી.ચિદમ્બરમ, ગુલામનબી આઝાદની સાથે પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે પણ વિવિધ બેઠકો માટે પોતાના પક્ષ તરફથી પ્રચાર કર્યો હતો.રાજયના વર્તમાન મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા રાજકોટ બેઠક ઉપરથી ઉમેદવારી કરવામા આવી રહી છે ત્યારે રાજકોટ બેઠક ઉપર પ્રતિષ્ઠાભર્યો જંગ ખેલાશે.ગુજરાત વિધાનસભા માટે આ વખતે યોજાઈ રહેલી ચૂંટણી દેશ અને વિદેશમાં પણ ભારે ચર્ચાનું કેન્દ્ર બનવા પામી છે.પહેલીવખત દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સીધી હાજરી વગર આ ચૂંટણી યોજાઈ રહી છે.આ ઉપરાંત રાજયમાં પાટીદાર ફેકટર સહિત અનેક પરિબળો આ વખતના ચૂંટણીજંગમાં સામે આવવા પામ્યા છે.આ પરિસ્થિતિમાં જયાં ભાજપ વિકાસના મુદ્દા સાથે છેલ્લા ૨૨ વર્ષથી રાજયમાં ચાલી રહેલા પોતાના શાસનની અવધી વધુ પાંચ વર્ષ જળવાઈ રહે એ હેતુ સાથે ૧૫૦ થી પણ વધુ બેઠકો સાથે ચૂંટણી જીતવા મેદાનમાં છે તો સામે પક્ષે કોંગ્રેસ રાજયમાં પોતાનો ૨૨ વર્ષનો રાજકીય સન્યાસ પુરો કરવા મેદાનમા ઉતરશે. ગુરૂવારે પ્રચારપડઘમ શાંત બન્યા બાદ ઉમેદવારો ડોર ટુ ડોર પ્રચાર કરી શકશે આ સાથે જ શુક્રવારની રાત ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષો માટે ખરાખરીની રાત બની રહેશે.